# શ્રી ભરાડ વિદ્યા મંદિર–રાજકોટ

ધોરણ : ૧૦ | **સજેશન પેપર–૨** | સમયઃ ૩ કલાક

વિષય : ગુજરાતી (૦૧) | કુલ ગુણઃ ૧૦૦

**સમય : 75 મિનિટ** **PART - A** **Marks :50**

(ગદ્યવિભાગ)

(1) 'ગુજરાતી ગદ્યના પિતા' તરીકે કોણ ઓળખાય છે ?
(a) નરસિંહ મહેતા (b) નર્મદ (c) પ્રેમાનંદ (d) ન્હાનાલાલ

(2) વિક્ટોરિયા ટર્મિનસનું પાકુ સ્ટેશન ક્યારે બંધાયું હતું ?
(a) 1880 (b) 1898 (c) 1888 (d) 1886

(3) પૃથિવીવલ્લભનાં સર્જક કોણ છે ?
(a) રા.વિ. પાઠક (b) મ.હ.પટેલ. (c) ક.મા.મુનશી. (d) બ.ક.ઠાકોર

(4) જક્ષણી વાર્તામાં 'સુરભિસુત' શબ્દ કોના માટે વાપરવામાં આવ્યો છે ?
(a) બળદ માટે (b) ધણી માટે (c) પત્ની માટે (d) જક્ષણી માટે

(5) 'અશ્વત્થ' એટલે શું ?
(a) લીમડો (b) શીમડો (c) પીપળો (d) આંબો

(6) શિવસુબ્રમણ્યા ઐયર કલામના કયા વિષયનાં શિક્ષક હતા ?
(a) તત્વજ્ઞાન (b) સમાજશાસ્ત્ર (c) વિજ્ઞાન (d) ગણિત

(7) લેખકે ટાઈમટેબલને કોના જેવું કહ્યું છે ?
(a) ઘડિયાળ અને સત્ય (b) પાણી, કાચ અને સત્ય (c) કાચ, ઘડિયાળ અને સત્ય (d) ઝાકળ, કાચ અને સત્ય

(8) 'પ્રકૃતિ ખુદ એક મહાન કવિતા હૈ, ઈશ્વર કી કવિતા' – આ વાક્ય કોણ બોલે છે ?
(a) લેખક (b) લેખકના મિત્ર (c) સ્વામીજી (d) મણિબા

(9) 'દ્વિરેફની વાતો' માંથી કઈ વાર્તા તમારા પાઠ્યપુસ્તકમાં લેવામાં આવી છે ?
(a) ચક્ષુઃશ્રુવા (b) આક્કા (c) છકડો (d) જક્ષણી

(10) 'અવળવાણિયા' ઉપનામ નીચેનામાંથી કયા સર્જકનું છે ?
(a) બાલમુકુન્દ દવે (b) હરીન્દ્ર દવે (c) મકરંદ દવે (d) જ્યોતિન્દ્ર દવે

(11) 'શૂલપાણેશ્વર' કયા રાજયમાં આવેલું છે ?
(a) ગુજરાત (b) મહારાષ્ટ્ર (c) રાજસ્થાન (d) મધ્યપ્રદેશ

(12) અબ્દુલ કલામના ગાઢ મિત્રો પૈકી નીચેનામાંથી કયુ નામ ખોટું છે ?
(a) અરવિંદન (b) શિવપ્રકાશન (c) રામાનંદ શાસ્ત્રી (d) લક્ષ્મણન્ શાસ્ત્રી

(13) 'ટાઈમટેબલ' પાઠ કઈ કૃતિમાંથી લેવામાં આવે છે ?
(a) રંગતરંગ ભાગ – 1 (b) રંગતરંગ ભાગ –2 (c) રંસતરંગ ભાગ–1 (d) રસતરંગ ભાગ–2

(14) કાકા કાલેલકર કયાં રહેતા હતા ?
(a) સતારામાં (b) શાહપુરમાં (c) પૂણેમાં (d) સુરતમાં

(15) અક્કા પાઠમાં ટાઈમટેબલ માટે કયો શબ્દ વપરાયો છે ?
(a) નવજવર (b) નવર (c) નૌજર (d) નજવર

(પદ્યવિભાગ)

(16) નરસિંહ મહેતા કઈ સદીમાં થઈ ગયા ?
(a) ચૌદમી (b) પંદરમી (c) સોળમી (d) સતરમી

(17) 'જે જોયુ તે જાય' છપ્પો શામળની કઈ રચનામાંથી લેવામાં આવ્યો છે ?
(a) મદનમોહના (b) સિંહાસન બત્રીસી (c) નંદ બત્રીસી (d) બરાસ કસ્તૂરી

(18) કોણ પોતાની જાતને પાંગળી માને છે ?
(a) કવિ (b) કૃષ્ણ (c) નયન (d) મન

(19) ગંગાસતીના મતાનુસાર હરિજનને શું આવતું નથી ?
(a) અહંકાર (b) સ્વાર્થપણું (c) ગુસ્સો (d) હરરખ શોકની હેડકી

(20) પુષ્પની વાસના કોણ જાણતું નથી ?
(a) પત્ર (b) ફળ (c) ડાળી (d) વૃક્ષ

(21) કોઈને કશી મદદ ન કરી શકવાને કારણે સહદેવ પોતાની જાતને કેવી ગણે છે ?
(a) કૃતજ્ઞી (b) કૃતઘ્ની (c) શાપિત (d) નસીબદાર

(22) 'જૂનું પિયરઘર' કાવ્ય કયા છંદમાં લખાયેલું છે ?
(a) શિખરિણી (b) મંદાક્રાન્તા (c) પૃથ્વી (d) મનહર

(23) 'પ્રશ્ન' કાવ્યના કવિનું ઉપનામ શું છે ?
(a) શેષ (b) વાસુકી (c) ઈર્શાદ (d) દ્વિરેફ

(24) તીર્થોત્તમ કાવ્યના કવિ શા માટે તીર્થે તીર્થે ફર્યા હતા ?
(a) પ્રભુદર્શન કરવા (b) સાધુ સંતોની સેવા કરવા (c) મોક્ષ મેળવવા (d) ગરીબોની સેવા કરવા

(25) 'અદીઠો સંગાથ' માં અદીઠો શબ્દ કોના માટે પ્રયોજાયો છે ?
(a) પરમાત્મા માટે (b) જીવન માટે (c) મનુષ્ય માટે (d) જગત માટે

(26) કવિ 'ઈર્શાદ' ના મતે જીવને શું નડે છે ?
(a) મોહ (b) માયા (c) દેહ (d) પાપ

(27) લોકગીતમાં ઉલ્લેખાયેલું 'કાંબીઉં' કયાં પહેરાય છે ?
(a) કમરમાં (b) પગમાં (c) ગળામાં (d) હાથમાં

(28) કઠણ વચન કોણ ખમતું હોય છે ?
(a) પત્ની (b) નોકર (c) સાધુ (d) ગરીબ

(29) નીચે આપેલ કાવ્ય અને કાવ્ય પ્રકારના જોડકા પૈકી કયું જોડકું ખોટું છે ?
(a) મનનો ડગે–ભજન (b) અદીઠો સંગાથ – ગીત (c) ભકિત પદારથ – સોનેટ (d) તપાસીએ – ગઝલ

(30) નીચેના પૈકી કઈ પંકિતઓ 'પ્રશ્ન' સોનેટની છે ?
(a) જયાં ત્યાં આવી વય બદલી સંતાપ, જાણે પરીઓ (b) 'જાગીને જોઉં તો કોઈ નથી એકલું'
(c) 'બીજા પહાડો તણી કુહરમાં વેણ, હૈયે ન લેતો' (d) હૈયુ જાણે હિમાલય

(વ્યાકરણ વિભાગ)

(31) જકાતનાકું – શબ્દના સમાસનો પ્રકાર જણાવો.
(a) દ્વંદ્વ (b) તત્પુરુષ (c) મધ્યમપદ લોપી (d) કર્મધારય

(32) વરસાદ લાવવા ગવાતો રાગ – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
(a) મલ્હાર (b) તોડી (c) ભૈરવી (d) માલકસ

(33) નીચેનામાંથી કયું ઉદા. ઉત્પ્રેક્ષા અલંકારનું નથી ?
(a) દમયંતીનું મુખ જાણે ચંદ્ર (b) તેનું રૂદન સાંભળીને દીવાલો પણ ધ્રુજી ઊઠી
(c) રખે ભાણેજ નવ મરે, કૃષ્ણે કીધો વિચાર (d) જયાં ત્યાં આવી વય બદલી સંતાપ જાણે પરીઓ

(34) કયારેક ચાંદી શી ઝળાહળા થતાં નદીને જોતો – અલંકાર ઓળખાવો.
(a) વ્યતિરેક (b) રૂપક (c) વર્ણાનુપ્રાસ (d) ઉપમા

(35) છંદ ઓળખાવો : 'શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક'
(a) ચોપાઈ (b) દોહરો (c) ઝૂલણા (d) સવૈયા

(36) નીચેની કાવ્યપંકિતમાંથી 'શાર્દૂલવિક્રીડિત' છંદનું ઉદા. દર્શાવો.
(a) ભૂરું છે નામ સ્વચ્છ સ્વચ્છ દીલની એકે નથી વાદળી (b) ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય
(c) ચિતોડ ! તવ મુકિત, પ્રેમ, બળ, ટેક ને ત્યાગની (d) સુખદુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.

(37) રૂઢિપ્રયોગનો અર્થ આપો : ઉકરાટા ઉપડવા
(a) નવી ઈચ્છાઓ જાગૃત થવી (b) હાલતા ચાલતા થઈ જવું (c) ઉકળી જવું (d) ગુસ્સે થઈ જવું

(38) પારકી મા જ કાન વિંધે – કહેવતની વિરોધી કહેવત કઈ ?
(a) પારકી આશ સદા નિરાશ (b) પારકે હાથે કામ ન સુધરે (c) પારકાની પડોજણમાં કયાં પડવું (d) હાથના કર્યા હૈયે વાગ્યા

(39) કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.
(a) સૂર્ય (b) દિવાકર (c) રવિ (d) સોમ

(40) 'ભડકડે' તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો.
(a) ભડકે (b) સવારે (c) સાંજે (d) ભરમાવે

(41) અમે વડોદરા<u>માં</u> રહીએ છીએ – રેખાંકિત વિભકિત પ્રત્યય કઈ વિભકિત દર્શાવે છે ?
(a) ચતુર્થી (b) તૃતીયા (c) સપ્તમી (d) ષષ્ઠી

(42) અહીં કાંઈ <u>પૈસાનાં</u> ઝાડ છે ? – રેખાંકિત વિભકિત પદનો વિભકિત પ્રકાર દર્શાવો.
(a) સંબંધના અર્થમાં ષષ્ઠી વિભકિત (b) કર્મના અર્થમાં દ્વિતીયા વિભકિત
(c) કરણનાં અર્થમાં તૃતિયા વિભકિત (d) અધિકરણનાં અર્થમાં સપ્તમી વિભકિત

(43) વિલાસે પણ સફેદ વસ્ત્ર પહેર્યું હતું – આ વાકયમાં નિપાત ઓળખાવો.
(a) વસ્ત્ર (b) પણ (c) વિલાસ (d) એ

(44) માણસો માખીઓની જેમ <u>મરતાં</u> હતા – આ વાકયના કૃદન્તનો પ્રકાર લખો.
(a) હેત્વર્થ (b) વર્તમાન (c) સંબંધક (d) ભવિષ્ય

(45) 'હું તરતજ જોઈ ન શકયો' – વાકયનું ભાવે વાકય ઓળખી બતાવો.
(a) મારાથી તરત જ જોઈ શકાયુ (b) મારાથી તરતજ જોઈ ન શકાયું
(c) હું તરત જ જોઈ ન શકયો (d) મારાથી તરત જ જોઈ રહેવાયુ

(46) કર્મણિવાકય બનાવો : મુંજે હાસ્યબાણ છોડયું.
(a) મુંજથી હાસ્યબાણ છોડયું (b) મુંજે હાસ્યબાણ છોડયું (c) મુંજ હાસ્યબાણ છોડાયું (d) મુંજ પાસે હાસ્યબાણ છોડાવ્યું

* **નીચેનો પદ્યાંશ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોનાં યોગ્ય વિકલ્પ દર્શાવો.**

આળસ પરમેશ્વરના આપેલા હાથપગનું અપમાન છે. કોઈ આંધળો હોય તો મારે એને રોટલો તો આપવો જ જોઈએ. પરંતુ એને પણ સાત–આઠ કલાકનું કામ તો હું આપીશ. એને કપાસ પીલવાનું કામ આપીશ. એક હાથ થાકી જાય એટલે એ બીજા હાથનો ઉપયોગ કરે અને એ રીતે આઠ કલાક પરિશ્રમ કરીને મહેનતનો રોટલો ખાય. આંધળાં અને લૂલાંલંગડાંને પણ તેઓ જે કામ કરી શકે તે કામ તેમની પાસે, કરાવીને રોટલો આપવો જોઈએ.

(47) આ ગદ્યખંડમાં કયા વિષય પર વાત કરવામાં આવી છે ?
(a) આળસ (b) પરમેશ્વર (c) મહેનત (d) અપમાન

(48) લેખક કઈ વાત પર ભાર મૂકે છે ?
(a) મહેનત પર (b) આળસ પર (c) અપમાન પર (d) રોટલા પર

* **નીચેનો ગદ્યાંશ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોનાં યોગ્ય વિકલ્પ દર્શાવો.**

ઓચિંતુ કોઈ મને રસ્તે મળે
ને કદિ ધીરેથી પૂછે છે કે કેમ છે ?
આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં
ને ઉપરથી કુદરતી રહેમ છે.
ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઊં એવું
લાગ્યા કરે છે મને રોજ
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમ–ખેમ છે. ધ્રુવકુમાર ભટ્ટ

(49) 'કોઈ પૂછે છે કેમ છે ? ' પ્રશ્નનો કવિ શો ઉત્તર આપે છે ?
(a) મજામાં છું (b) દરિયા જેવી મોજ અને કુદરતી રહેમ છે
(c) દરિયાના મોજાં અને કુદરતી હેમ છે (d) સુખ–શાંતિ છે

(50) કવિએ છલકાતી મલકાતી મોજને કયાં મૂકી છે ?
(a) પટારામાં (b) મેળામાં (c) ખિસ્સામાં (d) દરિયામાં

**સમય : ૨ કલાક** **PART - B** **ગુણ : 50**

## વિભાગ – A

**નીચેના પ્રશ્નોનાં દસ–બાર વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો :** (4)
(1) 'છકડો' વાર્તામાંથી માનવ સ્વભાવની ખાસિયતો તારવો. **અથવા**
(1) લેખક અબ્દુલ કલામના પિતાનું વ્યકિતત્વ તમારા શબ્દોમાં આલેખો.

**નીચેના પ્રશ્નોનાં ત્રણ–ચાર વાકયોમાં ઉત્તર લખો :** (4)
(2) સવારી જોવા અટારીમાં આવેલી મૃણાલવતીનું વર્ણન કરો.
(3) 'છકડો જીવતું પ્રાણી જ જોઈ લ્યો' એમ સૌ શા માટે કહેતા ? **અથવા**
(3) નર્મદાના મતે સ્ત્રીઓને કેળવણી આપવાની જરૂર શા માટે છે ?

**નીચેના પ્રશ્નોનાં આઠ–દસ વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો :** (3)
(4) 'જૂનું પિયરઘર' કાવ્યમાં વ્યકત થયેલ નાયિકાનાં મધુર સ્મરણો આલેખો. **અથવા**
(4) 'અદીઠો સંગાથ' શીર્ષક સમજાવો.

**નીચેના પ્રશ્નોનાં ત્રણ–ચાર વાકયોમાં ઉત્તર લખો :** (4)
(5) પ્રકૃતિનાં તત્વોએ કવિના પ્રશ્નોનો શો ઉત્તર વાળ્યો ?
(6) સંપનો મહિમા કયાં દષ્ટાંતોથી સમજાવ્યો છે ? **અથવા**
(6) 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકાનાં કયાં સ્મરણો તાજાં થાય છે ?

## વિભાગ – B

**નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો :** (5)

(7) "પુસ્તક માનવીને આનંદ આપનાર સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની સાથે એવી મૈત્રી અને મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને કયારેક તો માત્ર પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો. પુસ્તક એક જાદુઈ દીવો છે. દીવાની પાસે એકાલાં બેઠાં હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી." – મોહમ્મદ માંકડ

**નીચે આપેલી પંકિતઓનો આશરે પંદર વાકયોમાં અર્થવિસ્તાર કરો :** (5)
(8) વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે એ વિદ્યાને ધન. **અથવા**
(8) મનુષ્યના કર્મની કાલિમાને સમર્થ ધોવા લઘુ અશ્રુબિંદુ

## વિભાગ – C

(9) તમારા મિત્રને ગુજરાતી ભાષાનું મહત્વ સમજાવતો પત્ર લખો. (5)
(10) 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણીના ભાગરૂપે તમારી શાળામાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓનો ચિતાર આપતો અહેવાલ લખો. (5)

## વિભાગ – D

(11) **નીચેનો ગદ્યાંશ ભાષા શુદ્ધિની રીતે સુધારીને ફરીથી લખો.** (3)

ને ગિલો રાત દિ પગ વાળીને બેઠો એવું જોયું નથી. સાંજની છેલ્લી બસ ભાવનગરમાંથી નકળી જાય ને રડુંખડું માનસ ભાવનગરની બજારમાં અટવાઈ ગયું હોય એનેય છેલ્લે છેલ્લી છકડો તો મળી જ જાય. તે છકડાનો છેલ્લો ફેરો થંભે ત્યારે પાદર નિરજન હોય . સડક પણ પડખું ફરીને સૂઈ ગઈ હોય. પણ ગીલો જપે નહિ. અડધી રાતે કોઈને ભાવનગર દવાખાને લઈ જવાનું થાય તો ગિલો ખડે પગે હોય.

(12) **કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો :** (4)

જમી પરવારીને બેઠા હતા કે <u>ભજન કરવા માટે બનેલી મંડળી</u> (સમાસ કરો)'આવી ગઈ. પ્રારંભિક સ્તુતિ બાદ જે પહેલું શરૂ થયું કે હું <u>આનંદિત થઈ ગયો</u> (રૂઢિ પ્રયોગ લખો). મારાં રુંવે રુંવે <u>શોક</u> (વિરોધી શબ્દ લખો) પ્રગટયો. આ તો એ જ પ્રાર્થના હતી , જે આજથી લગભગ પંચાવન વર્ષો પહેલાં, ગુજરાતના સુદૂર કચ્છ–અંજારના મારા નાનાશા ગામ કુંભારિયામાં હું <u>બાળકોને પ્રારંભિક શિક્ષણ આપવા માટની પોથી</u> (શબ્દસમૂહ માટે એક શબ્દ લખો) માં ભણ્યો હતો.

* **ગમે તે એક વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** (8)

(13) <u>મોંઘવારીનું વિષચક્ર</u>
મુદ્દાઓ : પ્રસ્તાવના – મોંઘવારી શું છે ? – આંકડાકીય વિગતો – આઝાદી પૂર્વે સોંઘવારી ને ભવ્ય ભૂતકાળ – આઝાદી પછી મોંઘવારી વધવાનાં કારણો – મોંઘવારીમાં મધ્યમવર્ગના માનવીની હાલાકી ને લાચારી – માનવજીવન પર થતી આ સમસ્યાની અસર – મોંઘવારી દૂર કરવામાં સરકાર સફળ કે નિષ્ફળ ? – ઉપાયો – ઉપસંહાર.

**અથવા**

(13) <u>મારી દ્રષ્ટિએ આવતીકાલનું ગુજરાત</u>
મુદ્દાઓ : ભૂમિકા – ગુજરાતનો ભૂતકાળ – ગુજરાતની સ્થાપના – વર્તમાન સ્થિતિ – આવતિ કાલનું / ભવિષ્યનું ગુજરાત – સમાપન.

પેપર સેટરઃ **વિપુલભાઈ જાની** મો.૯૮૭૯૦ ૮૦૮૨૯ પરામર્શકઃ **ગિજુભાઈ ભરાડ**

**બોર્ડના તમામ વિષયોના પ્રેક્ટીસ પેપર, આઈએમપી પ્રશ્નો અને નિષ્ણાતોના સલાહ-સૂચન માટે www.aajkaaldaily.com ની મુલાકાત લો.**